# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 10-03-2025** **Day : Monday** **Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## ભારતે ચેમ્પિયન ટ્રોફી જીતી લીધી

ભારતે ન્યુઝીલેન્ડને 4 વિકેટે હરાવી ચેમ્પિયન્સ ટ્રોફીનો ખિતાબ જીતી લીધો છે. ભારતને 12 વર્ષ પછી આ ટ્રોફી જીતવાની ભવ્ય સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. ભારતે છેલ્લે 2013માં ચેમ્પિયન્સ ટ્રોફી જીતવામાં સફળતા મેળવી હતી. ચેમ્પિયન્સ ટ્રોફીનાં દુબઈ ખાતેના અંતિમ જંગમાં ન્યુઝીલેન્ડની ટીમે 7 વિકેટના ભોગે 251 રન કર્યા હતા. 252 રનનો પડકાર જીતવા મેદાને પડેલી ભારતીય ટીમે 6 વિકેટ ગુમાવી 253 રન કરી અંતિમ જંગ લીધો હતો. સુકાની રોહિત શર્માએ 76, શ્રેયસ ઐય્યર 48, કે.એલ. રાહુલ અણનમ 34 અને અક્ષર પટેલે 29 રન કર્યા હતા. ભારતીય ટીમનાં વિજયને સમગ્ર કચ્છ જિલ્લામાં ક્રિકેટ પ્રેમીઓએ ફટાકડા ફોડી વિજયોત્સવ મનાવ્યો હતો. ભારતીય ટીમનાં વિજય બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિતનાં અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા છે.

---------------------------------------------------------------------------------------

## સંસદના બજેટ  સત્રનો બીજો તબક્કો આજથી શરૂ

સંસદના બજેટ સત્રનો બીજો તબક્કો આજથી શરૂ થશે. 4 એપ્રિલ સુધી ચાલનારા આ તબક્કામાં 20 બેઠકો હશે. નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે મણિપુર માટે બજેટ રજૂ કરશે.

ગયા મહિને મુખ્યમંત્રી એન. બિરેન સિંહના રાજીનામા બાદથી આ રાજ્ય રાષ્ટ્રપતિ શાસન હેઠળ છે. સત્ર દરમિયાન, વર્ષ 2025-26 માટે ગ્રાન્ટની માંગણીઓ અને સંબંધિત વિનિયોગ બિલ પર ચર્ચા અને મતદાન કરવામાં આવશે.

બીજા તબક્કા દરમિયાન બેંકિંગ કાયદા (સુધારા) બિલ, કોસ્ટલ શિપિંગ બિલ 2024, ઇમિગ્રેશન અને વિદેશી બિલ 2025 અને રેલ્વે (સુધારા) બિલ સહિત અનેક કાયદાઓ પર પણ ચર્ચા હાથ ધરાશે.

-----------------------------------------------------------------------------------------

## પીએમ – મોરેશિયસની બે દિવસીય મુલાકાતે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી બે દિવસની મુલાકાતે મોરેશિયસ પહોંચશે. શ્રી મોદી મોરેશિયસના રાષ્ટ્રીય દિવસ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે. પ્રધાનમંત્રી શ્રી મોદીની મુલાકાતને લઈને મોરેશિયસના લોકોમાં ઘણો ઉત્સાહ છે. અત્રે જણાવીએ કે, મોરેશિયસની 70 ટકા વસ્તી ભારતીય મૂળના લોકો છે.

-----------------------------------------------------------------------------------------

## કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે પાંચ વર્ષમાં બે લાખ જેટલી સેવા સહકારી મંડળીઓ અને પ્રાથમિક દૂધ ઉત્પાદક મંડળીઓને કૉ-ઑપરેટિવ ઝૂંબેશ સાથે જોડવામાં આવશે. અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કોઓપરેટિવ બેંકના અમદાવાદના જેતલપુર ખાતે યોજાયેલા સ્વર્ણિમ શતાબ્દી સમાપન સમારોહ પ્રસંગે બોલતા તેમણે કહ્યું હતું કે ભવિષ્યમાં વાહનચાલકો માટે પણ કૉ-ઑપરેટિવ મૂવમેન્ટ અને બીજ ઉત્પાદન સહિતનાં ક્ષેત્રોને પણ જોડવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં શ્રી શાહે એડીસી બેંકના સાયબર સેફ્ટી એન્ડ સિક્યોરિટી પાયલોટ પ્રોજેકટનું લોકાર્પણ કર્યું હતું.

શ્રી શાહ ગાંધીનગર નજીક અડાલજ ખાતે ગુજરાત બાર કાઉન્સિલ દ્વારા આયોજિત વકીલોના શપથગ્રહણ સમારોહના કાર્યક્રમમાં પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શ્રી શાહે જણાવ્યું કે દેશમાં કોઈ પણ જગ્યાએ FIR નોંધાશે એની સર્વોચ્ચ અદાલત સુધી ન્યાય આપવાની પ્રક્રિયા ત્રણ વર્ષમાં પૂર્ણ થઈ જાય તેવી ન્યાયિક પ્રક્રિયા ટૂંક સમયમાં લાગુ કરાશે.

શ્રી શાહ ગાંધીનગર ખાતે વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ તેમજ કેન્દ્ર સરકારના કોમન સર્વિસ સેન્ટર વચ્ચે MoU પર હસ્તાક્ષર તેમજ પેરા હાઈ પરફોર્મન્સ સ્પોર્ટ્સ સેન્ટરના શિલાન્યાસ સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તેમણે 325 કરોડ રૂપિયાના રોકાણ સાથેનું આ પેરા હાઈ પરફોર્મન્સ સ્પોર્ટ્સ સેન્ટર સમગ્ર દેશમાં માત્ર ગાંધીનગરમા છે તેમ જણાવ્યું હતું.

---

## સીઆઈએસએફના જવાનોની સાઈકલ યાત્રાનું આદિપુર ખાતે સ્વાગત

કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ (સીઆઈએસએફ)ના 56મા સ્થાપના દિવસે પશ્ચિમ કચ્છના લખપતથી જવાનોની સાઈકલ યાત્રા સુરક્ષીત તટના સંદેશ સાથે શરૂ થઈ છે, જે કન્યાકુમારી સુધી 25 દિવસમાં 6 રાજ્યમાં થઈને 3 હજાર 778 કિલોમીટરનો સફર પૂર્ણ કરશે. જવાનોની આ સાયકલ યાત્રા ગઈકાલે આદિપુર પહોંચી ત્યારે ગાંધી સમાધી ખાતે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા જવાનોનું ઉષ્માભેર સ્વાગત કરાયું હતું.

---------------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રીએ ઉપરાષ્ટ્રપતિ જગદીશ ધનખડના સ્વાસ્થ્યની પુછા કરી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે નવી દિલ્હી સ્થિત એઈમ્સની મુલાકાત લીધી હતી અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડના સ્વાસ્થ્ય વિશે પૂછપરછ કરી હતી. પ્રધાનમંત્રીએ તેમના સારા સ્વાસ્થ્ય અને ઝડપથી સ્વસ્થ થવાની પ્રાર્થના પણ કરી હતી.

ઉપરાષ્ટ્રપતિ ધનખડને અસ્વસ્થતાની ફરિયાદ બાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે, શ્રી ધનખડની સ્થિતિ હાલમાં સ્થિર છે.

---------------------------------------------------------------------------------------

## હવામાન

આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર કચ્છ, ઉત્તર ગુજરાતની નજીકના વિસ્તાર તેમજ દક્ષિણ ગુજરાતનાં કેટલાક વિસ્તારમાં મહત્તમ તાપમાન 40 થી 42 ડિગ્રી સેલ્સિયસ જેટલું રહેવાની આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે. જેના કારણે રાજ્યમાં હિટવેવની શક્યતા પણ રહેલી છે.

જિલ્લા મથક ભુજમાં ગઈકાલે 40.4 ડિગ્રી સેલ્સીયસ મહતમ ઉષ્ણતામાન નોધતા સીઝનનો સૌથી ગરમ દિવસ ભુજવાસીઓએ અનુભવ્યો હતો.

રાજયમાં 41.1 ડિગ્રી સાથે રાજકોટ મોખરાનું ગરમ મથક બન્યું. તે પછી 40.4 ડિગ્રીએ ભુજ ત્રીજા નંબરનું ગરમ મથક બન્યું હતું.

---------------------------------------------------------------------------------------